GJLV060005702025

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૧૨/૦૫/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | :: | ૧૨/૦૫/૨૦૨૫ | | |
| ફૈંસલ તારીખ | : | ૦૮/૦૮/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | |

## :: ફોર્મ–એ ::

**એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી બી.એન.દવે)સાહેબની કોર્ટમાં, મુ.બાલાસિનોર.**
**ચુકાદાની તારીખ ૦૮/૦૮/૨૦૨૬**
**ક્રિમિનલ કેસ નંબર : ૪૭૧/૨૦૨૫**
**બાલાસિનોર ટાઉન પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૭૦૦૨૨૪૦૪૦૫/૨૦૨૪**
**આંક –**

| | |
|---|---|
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી કે.એમ.રાણા |
| આરોપી પક્ષ | ૧. કૌશીકભાઈ ગણપતભાઈ સોલંકી,<br>૨. ગુલાબભાઈ બળવંતભાઈ સોલંકી,<br>૩. ગણપતભાઈ બાબરભાઈ સોલંકી,<br>૪. પ્રદિપભાઈ ગણપતભાઈ સોલંકી,<br>તમામ રહે. ગઢના મુવાડા, તા.બાલાસિનોર, જી.મહીસાગર |
| રજૂઆત | વિ.વ.શ્રી વી.આર.પટેલ |

## :: ફોર્મ–બી ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૧૦/૧૦/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | તા.૧૦/૧૦/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | તા.૧૨/૦૫/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | તા.૨૩/૦૭/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૨૦/૧૧/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખ્યાની તારીખ | તા.૦૮/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૦૮/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

## –: આરોપીની વિગત :–

| આરોપીનો અનુક્રમ નંબર | ૧. | ૨. | ૩. |
|---|---|---|---|
| આરોપીનું નમ | કૌશીકભાઈ ગણપતભાઈ સોલંકી | ગુલાબભાઈ બળવંતભાઈ સોલંકી | ગણપતભાઈ બાબરભાઈ સોલંકી |
| ધરપકડની તારીખ | તા.– | તા.– | તા.– |
| જામીન મુકિતની તારીખ | તા.– | તા.– | તા.– |
| તહોમત | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબ | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબ | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબ |
| શું નિર્દોષ છોડયો/સજા કરી | નિર્દોષ છોડયો | નિર્દોષ છોડયો | નિર્દોષ છોડયો |
| કરવામાં આવેલ સજા | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી |
| સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ મુજબ | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪. | પ્રદિપભાઈ ગણપતભાઈ સોલંકી | તા.– | તા.– | બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબ | નિર્દોષ છોડયો | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી |

**– : <u>ચુકાદો</u> : –**

(૧) આરોપીઓ વિરૂઘ્ધ બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુના અંગે આરોપ છે.

(૨) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૦/૧૦/૨૦૨૪ ના આશરે ૧૮:૦૦ વાગ્યે મોજે ગઢના મુવાડા ગામે આ કામના ફરીયાદી પોતાના ઘરેથી બહાર નીકળતા હોય તે વખતે ફરીયાદીના ઘર આગળથી નીકળતા રસ્તા ઉપર આ કામના આરોપી નં.૧ નાઓ જતા હોય અને તેઓ ફરીયાદીને જોઈને કહેવા લાગેલ કે તું મારી સામે કેમ જોવે છે જેથી ફરીયાદીએ આરોપી નં.૧ ને જણાવેલ કે હુ તને જોતો નથી તેમ કહેતા આરોપી નં.૧ ફરીયાદીને ગમે તેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.ર નાએ સાહેદ નરવતભાઈ ફતાભાઈ સોલંકીનાને તેના હાથમાં ઈંટ લઈ આવી માથાના ભાગે મારી તથા આરોપી નં.૩, ૪ નાએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ બાલાસિનોર ટાઉન પો.સ્ટે.માં આપતાં સદર ફરીયાદ બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૧૧૮૭૦૦૨૨૪૦૪૦૫/૨૦૨૪

થી રજીસ્ટર્ડ કરેલ અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક-૧ મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૩) આ કામનાં આરોપીઓને સમન્સની ધોરણસરની બજવણી થતાં તેઓ કોર્ટમાં હાજર થતાં તેમને પોલીસ તપાસનાં તમામ પેપર્સની નકલો વીના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ અત્રેની કોર્ટ દ્વારા આંક-૦૩ થી આરોપીઓ પર તહોમતનામું ફરમાવી, આંક-૦૪ થી આંક-૦૭ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરેલ જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતાં કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો :-</u>**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૮ | પંચ સાહેદ દશરથભાઈ પ્રભાતભાઈ સોલંકીની જુબાની |
| ૨ | ૧૦ | પંચ સાહેદ ચંદુભાઈ વજાભાઈ સોલંકીની જુબાની |
| ૩ | ૧૧ | ફરીયાદી ભવાનભાઈ ફતાભાઈ સોલંકીની જુબાની |
| ૪ | ૧૮ | સાહેદ નરવતભાઈ ફતાભાઈ સોલંકીની જુબાની |

**<u>દસ્તાવેજી પુરાવા :-</u>**

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૦૯ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૨ | ૧૨ | ફરીયાદ |
| ૩ | ૧૯ | સાહેદ નરવતભાઈનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે આંક-૨૦ થી કલોઝીંગ પુરશીસ રજુ થતાં ફરીયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયાનુ જાહેર કરવામાં આવેલ. સદર કામે બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન

નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષનો પુરાવો તેમનાં રૂબરૂ અને સાંભળતાં લેવામાં આવેલ હોવાનો હકારમાં તથા અન્ય તમામ સવાલોનો નકારમાં જવાબ આપી વિશેષમાં ખોટી ફરીયાદ કરેલ છે અમો નિર્દોષ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં.૧. શું ફરિયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, તા.૧૦/૧૦/૨૦૨૪ ના આશરે ૧૮:૦૦ વાગ્યે મોજે ગઢના મુવાડા ગામે આ કામના ફરીયાદી પોતાના ઘરેથી બહાર નીકળતા હોય તે વખતે ફરીયાદીના ઘર આગળથી નીકળતા રસ્તા ઉપર આ કામના આરોપી નં.૧ નાઓ જતા હોય અને તેઓ ફરીયાદીને જોઈને કહેવા લાગેલ કે તું મારી સામે કેમ જોવે છે જેથી ફરીયાદીએ આરોપી નં.૧ ને જણાવેલ કે હુ તને જોતો નથી તેમ કહેતા આરોપી નં.૧ ફરીયાદીને ગમે તેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.૨ નાએ સાહેદ નરવતભાઈ ફતાભાઈ સોલંકીનાને તેના હાથમાં ઈંટ લઈ આવી માથાના ભાગે મારી તથા આરોપી નં.૩, ૪ નાએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

મુદ્દા નં.૨ છેવટે શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણય નીચે મુજબના છે.

મુદ્દા નં.૧ નકારાત્મક.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

## ::- નિર્ણય માટેના કારણો -::

**મુદ્દા નં.૧ અને ૨.**

(૭) ઉપરોક્ત મુદ્દા સબંધીત ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મુલ્યાંકન શબ્દની અસરકારક કાનુની છણાવટ ભારતીય પુરાવા અધીનીયમ ૧૮૭૨ ની ત્રીજી આવૃતીના પાન નં ૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની દ્વારા કરવામાં આવેલ છે. જે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોર્ય જે નીચે મુજબ ટાંકેલ છે.

""પુરાવાનુ મૂલ્યાંકન"" શબ્દનો પ્રયોગ કયાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યો નથી એ માટે કોઇ પણ કાનૂન સમપ્રીત નિયમો નથી . કારણ કે પુરાવાનુ મુલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધીનીયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિષે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનીયમની કલમ-૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે સાબીત તથા ના સાબીત શબ્દો વ્યાખ્યાબદ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તીત્વ કે અનઅસ્તીત્વ સાબીત માનવુ તે મુલ્યાંકનનો ભાગ છે.

આમ, પુરાવાના મુલ્યાંકન સબંધિત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ હોય તો આરોપીના ગુનાહીત કૃત્યો બદલ તેમને કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબીત કે નાસાબીત થયેલાની પ્રક્રીયાએ પુરાવાનુ મુલ્યાંકનનો ભાગ છે.

(૮) હાલનાં કામે ફરીયાદપક્ષ તર્ફે આ કામનાં આરોપીઓ ઉપર એવો આક્ષેપ છે કે, તા.૧૦/૧૦/૨૦૨૪ ના આશરે ૧૮:૦૦ વાગ્યે મોજે ગઢના મુવાડા ગામે આ

કામના ફરીયાદી પોતાના ઘરેથી બહાર નીકળતા હોય તે વખતે ફરીયાદીના ઘર આગળથી નીકળતા રસ્તા ઉપર આ કામના આરોપી નં.૧ નાઓ જતા હોય અને તેઓ ફરીયાદીને જોઈને કહેવા લાગેલ કે તું મારી સામે કેમ જોવે છે જેથી ફરીયાદીએ આરોપી નં.૧ ને જણાવેલ કે હુ તને જોતો નથી તેમ કહેતા આરોપી નં.૧ ફરીયાદીને ગમે તેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તથા આરોપી નં.ર નાએ સાહેદ નરવતભાઈ ફતાભાઈ સોલંકીનાને તેના હાથમાં ઈંટ લઈ આવી માથાના ભાગે મારી તથા આરોપી નં.૩, ૪ નાએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, બી.એન.એસ.ની કલમ–૧૧૫(ર), ૩૫૧(૩), ૩૫ર, ૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જે હકીકત ફરીયાદપક્ષે પુરાવાથી નિ:શંકપણે  પુરવાર કરવી જોઈએ.

(૯) ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકતનાં સમર્થનમાં સૌપ્રથમ આંક–૦૮ થી પંચ સાહેદ દશરથભાઈ પ્રભાતભાઈ સોલંકીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૧/૧૦/૨૦૨૪ ના રોજ બાલાસિનોર ટાઉન પોલીસે તેઓને બાલાસિનોર તાલુકાના ગઢના મુવાડા ગામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવા બોલાવેલા. તે જગ્યા જોએલ તો તે તેમના ઘરની પાછળ આવેલી હતી અને આગળ ગામમાં ડેરી તરફ જવાનો રસ્તો આવેલ છે અને ડાબી બાજુ પડતર જગ્યા છોડી તેમના મકાનો આવેલા છે અને એક રસ્તો ગઢના મુવાડા ગામમા જવાનો આવેલ છે એ રીતનું ગુનાવાળી જગ્યાનુ પંચનામુ લખાવી પંચનામામા સહી કરેલી તેઓને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી જોયેથી ઓળખી બતાવતા હોય પંચનામાને રજુ દાખલ આંક–૦૯ આપવામા આવેલ છે.

જયારે આ પંચ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તેઓને તૈયાર

પંચનામામા સહી કરવા જણાવતા તેઓ તેમા સહી કરેલી. તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

(૧૦) ત્યારબાદ આ કામે આંક-૧૦ થી પંચ સાહેદ ચંદુભાઈ વજાભાઈ સોલંકીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૧૧/૧૦/૨૦૨૪ ના રોજ બાલાસિનોર ટાઉન પોલીસે તેઓને બાલાસિનોર તાલુકાના ગઢના મુવાડા ગામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરવા બોલાવેલા. તે જગ્યા જોએલ તો તે દશરથભાઈના ઘર આગળ આવેલી હતી અને નજીકમાં ભવાનભાઈ ફતાભાઈ તથા ગણપતભાઈ વિગેરેના મકાનો આવેલા હતા અને આગળ ગામમાં ડેરી તરફ જવાનો રસ્તો આવેલ છે અને એક રસ્તો ગઢના મુવાડા ગામમાં જવાનો આવેલ છે એ રીતનું ગુનાવાળી જગ્યાનુ પંચનામુ લખાવી પંચનામામા સહી કરેલી તેઓને ગુનાવાળી જગ્યાનુ આંક-૦૯ વાળુ પંચનામુ બતાવવામા આવતા તેમાં પંચ નં.૨ તરીકે તેઓ તેમની સહી જોયેથી ઓળખી બતાવેલ છે.

જયારે આ પંચ સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તેઓને તૈયાર પંચનામામા સહી કરવા જણાવતા તેઓ તેમા સહી કરેલી. તે સિવાય તેઓ બીજુ કાંઈ જાણતા નથી.

(૧૧) ત્યારબાદ આ કામે આંક-૧૧ થી ફરીયાદી ભવાનભાઈ ફતાભાઈ સોલંકીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે નરવતભાઈ ફતાભાઈ સોલંકી તેમના ભાઈ થાય છે. ફરીયાદવાળો બનાવ એકાદ વર્ષ અગાઉ બાલાસિનોર તાલુકાના ગઢ ના મુવાડા ગામે સાંજના પાંચથી છ વાગ્યે તેમના ઘરના આંગણામાં બનેલો. બનાવના સમયે કૌશીકભાઈ ગણપતભાઈ તેમના ઘરમાં જોતા

હોય તેમના ઘરમાં બૈરી છોકરા હોય અને તેઓને જોઈને કહેતા હતા કે તુ શુ મારી સામે જોવે છે તારી આંખો કાઢી લઈશ જેથી તેઓએ તેને કહેલ કે ચલ તને તારા પપ્પા પાસે લઈ જવ તેમ કહેતા કૌશીકભાઈના પિતા ગણપતભાઈ અને પ્રદીપભાઈ તથા ગુલાબભાઈ તેઓને મારવા માટે આવી ગયેલા અને ગુલાબભાઈએ તેમના મોટા ભાઈ નરવતભાઈને ઈંટ જમણી બાજુ આંખ ઉપર મારી દીધેલી અને આંખમાંથી લોહી નીકળતુ હતુ તેમજ તેઓને ગણપતભાઈએ લાકડી વડે શરીરે ગેબી માર મારેલો તેમજ આ બનાવમાં મનીષાબેનને પણ કૌશીકભાઈએ લાકડીથી મારેલુ. બનાવમાં તેમના ભાઈ નરવતભાઈને વાગેલુ હોય નરવતભાઈને બાલાસિનોર સરકારી દવાખાનામાં દવા સારવાર કરાવેલી. તેઓને સામાન્ય ઈજા થયેલ હોય તેઓએ દવા સારવાર કરાવેલી નહી. બનાવ સબંધે તેઓએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં આરોપીઓ સામે ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવવામા આવતા તેમાં તેમની સહી જોયેથી ઓળખી બતાવતા હોય ફરીયાદને રજુ દાખલ આંક–૧૨ આપવામા આવેલ છે. તેઓને આરોપીઓને જોયે ઓળખી શકે તે આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

આ ફરીયાદી તેમની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવ બનતા ઘણા બધા લોકો ભેગા થયેલા જેમા પડી જવાથી તેઓના ભાઈ નરવતભાઈનાઓને ઈંટ વાગવાથી ઈજા થયેલ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવના સમયે મનીષાબેનને કોઈ ઈજા થયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય કંઈ બનેલુ નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. વધુમાં એ હકીકત કબુલ

રાખેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદ લખાવવા ગયા ત્યા માત્ર તેઓએ ફરીયાદમાં સહી કરેલી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, ફરીયાદની હકીકત તેઓએ પોલીસને લખાવેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ કોઈ દવા સારવાર કરાવેલ નથી.

(૧૨) ત્યારબાદ આ કામે આંક–૧૮ થી સાહેદ નરવતભાઈ ફતાભાઈ સોલંકી નાઓને તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે ભવાનભાઈ ફતાભાઈ સોલંકી તેમના ભાઈ થાય છે. ફરીયાદવાળો બનાવ એકાદ વર્ષ અગાઉ બાલાસિનોર તાલુકાના ગઢના મુવાડા ગામે સાંજના પાંચથી છ વાગ્યે તેમના ઘરના આંગણામાં બનેલો. બનાવના સમયે તેઓના ફળીયામાં રહેતા કૌશીકભાઈ ગણપતભાઈ તથા ગુલાબભાઈ બળવંતભાઈ અને ગણપતભાઈ બાબરભાઈનાઓને તેમના ભાઈ ભવાનભાઈ સાથે બોલાચાલી થતી હોય તેઓ ત્યાં ગયેલા આ દરમ્યાન ફળીયામાંથી ઘણા બધા માણસોનુ ટોળુ ભેગુ થયેલુ જેમા ધકકામુકકી થતા પડી જવાથી તેઓને જમણી બાજુ આંખ ઉપર ઈંટ વાગવાથી ઈજા થયેલી. તેઓને ઈંટ જમણી બાજુ આંખ ઉપર વાગેલુ હોય બાલાસિનોર સરકારી દવાખાનામાં દવા સારવાર કરાવી. બનાવ સબંધે પોલીસ ે તેમનો જવાબ લીધેલો. આરોપીને જોયે ઓળખી શકે જેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થઈ તે સિવાય તેઓને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી કોઈ માર મારેલ નથી.આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદની ઉલટતપાસમાં પણ આ સાહેદ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી લેશમાત્ર પુરાવો આપતાં નથી.

આ સાહેદની બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસ જોઈએ તો તેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ બનતા ઘણા બધા લોકો ભેગા થયેલા જેમા પડી જવાથી તેઓને ઈંટ વાગવાથી ઈજા થયેલ. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવના સમયે મનીષાબેનને કોઈ ઈજા થયેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કંઈ બનેલુ નહી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓ સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ માર મારેલ નથી કે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ નથી. વધુમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસે તેમનુ નામઠામ સરનામુ પુછેલુ તે સિવાય કઈ પુછેલુ નહી. આમ, આ સાહેદની સોગંદ પરની જુબાનીમાં આ કામનાં આરોપીઓને તેમની સામેનાં આક્ષેપીત ગુનામાં સાંકળી શકાય તેવો પુરાવો રેકર્ડ પર રજુ કરેલ ન હોય આ સાહેદની જુબાનીથી પણ આ કામનાં આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાતલનું નમ્રપણે માનવું થાય છે.

(૧૩) વધુમાં **ના. ગુજ.વડી અદાલતે '' પ્રવિણ ભાઈ બેચરભાઈ વણકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ''જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭** ના ચૂકાદામાં એમ ઠરાવેલ છે કે,

"In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence. So far as to section 506(2) is concerned, the threat must cause alarm in the mind of the person threatened."

આમ નામદાર ગુજરાત વડી અદાલતે આરોપીને ઈ.પી.કો. કલમ–૫૦૪/બી.એન.એસ.ની કલમ–૩૫૨ હેઠળ તકસીરવાન ઠરાવવા માટે વાસ્તવમાં જે શબ્દ બોલેલો તે શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. જેથી, તેવા તે શબ્દો રેકર્ડ પર આવેલ ન હોઈ, જેથી પ્રોસીકયુશન આ કામના આરોપી ઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની કલમ–૩૫૨ હેઠળનો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરેલ કહી શકાય નહિ. જેથી આરોપીઓને સદર ગુન્હામાં છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમા, ઈ.પી.કો. કલમ ૫૦૬(૨)/બી.એન.એસ.ની કલમ–૩૫૧(૩) હેઠળ તકસીરવાન ઠરાવવા જેને ધમકી આપવામાં આવેલ છે તેને વ્યાજબી ધાસતી હોવી જોઈએ. જે હાલના કામે પુરાવો જોતા ફરીયાદી તથા સાહેદોએ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી સંદર્ભે પોલીસ રક્ષણ માંગેલ નથી અને તેઓની રોજબરોજની ક્રિયા રોકાઈ ગયેલ નથી કે કોઈ અન્ય બનાવની ફરીયાદ હાલના ફરીયાદ બાદ કરેલ હોવાનો પુરાવો રજુ નથી. જેથી આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ–૩૫૧(૩) નો ગુનો સાબીત થતો નથી.

(૧૪) ઉપરોકત તમામ હકીકતે પડેલ પુરાવાને ધ્યાને લેતાં સદર કામે ફરીયાદી પોતાની ફરીયાદને અનુરૂપ પુરાવો આપે છે પરંતુ સદર ફરીયાદી પોતાની જ ઉલટતપાસમાં ફરીયાદને અનુરૂપ પુરાવો રજુ રાખતા ન હોય જેથી ફરીયાદીની ફરીયાદ બાબતે શંકા ફલીત થાય છે. વધુમાં હાલના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને સ્વેચ્છાપુર્વક વ્યથા કરી હોય તથા આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને ગાળો બોલેલ હોય તથા જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે જેના કારણે ફરીયાદી તથા સાહેદો ડરીને બહાર નીકળી શકતા ન હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાથી પુરવાર થતી નથી અને તે સંજોગોમાં સદર કામે આક્ષેપાયેલ ગુન્હાના આવશ્યક તત્વો પુરવાર થતા ન હોય હાલના

આરોપીઓને સદરહું ગુના અંગે દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો પોલીસે તેઓને તૈયાર પંચનામામા સહી કરાવેલ હોવાનુ જણાવતા હોય જેથી સદર પંચ સાહેદોની જુબાની પરથી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર કરવામા ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલછે. વધુમાં, ફરીયાદપક્ષે આ કામે આંક-૧૯ થી સારવાર સર્ટીફીકેટને આરોપી પક્ષ તર્ફે આંક આપવા સામે વાંધો ન હોવાનો શેરો કરેલ હોઈ એડમીટ કરવામાં આવેલ છે જે ધ્યાને લેતાં તેનાથી સાહેદને ઈજા થયેલ હોવાનું માની શકાય પરંતુ આ ઈજા આ કામનાં આરોપીઓએ કરેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર કરતો આ પુરાવો ગણાવી શકાય નહી. ત્યારબાદ આંક-૨૦ થી ફરીયાદપક્ષે કલોઝીંગ પુરસીસ રજુ કરેલ જે સદર કામે સ્વીકારી કાર્યવાહી બંધ કરવામાં આવેલ અને પડેલ પુરાવા પરથી જ આ કામનો ન્યાયિક નિર્ણય કરવામાં આવશે તો ન્યાયનો હેતુ સરશે તેવુ અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે, તથા રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવા તારણ ઉપર આ અદાલત આવે છે, જેથી મુદ્દા નં.૧ પરત્વેનો નિર્ણય નકારાત્મકમાં આપવામાં આવે છે અને આ અદાલતે કરેલ ઉપરોકત ચર્ચા અન્વયે આપેલ કારણો અને આવેલ તારણોને આધારે મુદ્દા નં.ર પરત્વેનો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## **-:: આખરી હુકમ ::-**

- આ કામનાં આરોપી નં. ૧. કૌશીકભાઈ ગણપતભાઈ સોલંકી, નં. ર. ગુલાબભાઈ બળવંતભાઈ સોલંકી, નં. ૩. ગણપતભાઈ બાબરભાઈ સોલંકી, નં. ૪. પ્રદિપભાઈ ગણપતભાઈ સોલંકી, તમામ રહે. ગઢના મુવાડા, તા.બાલાસિનોર, જી.મહીસાગરનાઓ ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧)

અન્વયે બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ મુજબના ગુનામાંથી પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામનાં પ્રત્યેક આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જાત જામીન તથા તેટલી રકમના જામીન આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

**(બકુલકુમાર નટવરલાલ દવે)**
**એડી. ચીફ જ્યુડી. મેજી.,**
**બાલાસિનોર–મહીસાગર,**
**જજ કોડ–જી.જે.૦૧૨૭૨**

**તા.૦૮–૦૮–૨૦૨૬**
**સ્થળ–બાલાસિનોર.**

//સ્ટેનોગ્રાફર–ડી.એન.પંડયા//